# ગુજરાતમાં ક્ષેત્રીય અને સમયાનુસાર લિંગ અનુપાતની બદલાતી તરાહ (વર્ષ : ૧૯૬૧-૨૦૧૧)

પ્રકાશ નટવરભાઈ પરમાર
ભૂગોળ (એમ.એ., જી.સેટ), ગુજરાત યુનિવર્સિટી

## ૧. પ્રસ્તાવના

*લિંગાનુપાત એ વસ્તીવિષયક અને સામાજિક બાબતોને સમજવા માટેનું પાયારૂપ પરિબળ છે. જેનાથી સમાજમાં પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે પ્રવર્તતી અસમાનતાને સમજી અને જાણી શકાય છે. થયેલ વસ્તી ગણતરી મુજબ વર્ષ ૨૦0૧માં ભારતની જનસંખ્યાનો લિંગાનુપાત ૯૩૩ હતો જ્યારે વર્ષ ૨૦૧૧માં ૯૪૦ થયો હતો. એટલેકે તેમાં ૭ અંકનું ધનાત્મક પરિવર્તન જોવા મળ્યું હતું. ગુજરાતમાં વર્ષ ૨૦૦૧માં લિંગાનુપાત ૯૨૦ હતો અને વર્ષ ૨૦૧૧માં ૯૧૮ થયો હતો. એટલેકે લિંગાનુપાતમાં -૨ અંકનો બદલાવ જોવા મળ્યો હતો.*

*ઉલ્લેખનીય બાબત એ છે કે સમગ્ર ભારતમાં વર્ષ ૨૦૦૧ની તુલનામાં ૨૦૧૧ના વર્ષમાં આવું ઋણાત્મક પરિવર્તન માત્રને માત્ર ત્રણ રાજ્યો જોવા મળ્યું હતું જેમાં જમ્મું અને કાશ્મીર, બિહાર, અને ગુજરાતમાં અનુક્રમે -૯, -૩ અને -૨ અંકનું બદલાવ જોવા મળ્યો હતો. આ સંશોધન પેપરમાં ગુજરાતમાં લિંગાનુપાતની વર્ષ ૧૯૬૧થી ૨૦૧૧ના સમય ગાળામાં ક્ષેત્રીય અને સમયાનુસાર બદલાતી લિંગાનુપાતની તરાહનો અભ્યાસ કરેલ છે. અર્થવ્યવસ્થા અને સમાજના વિકાસમાં લિંગાનુપાતની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. ક્ષેત્રીય આધાર પર લિંગાનુપાતમાં જોવા મળતી વિભિન્નતા સામાજિક-આર્થિક પ્રગતિમાં અસંતુલનનું મુખ્ય કારણ હોઈ એક સૂચક પણ છે. જે પ્રાદેશિક અને નિયોજનગત વિશ્લેષણમાં સહાયક થઈ શકે છે. લિંગાનુપાતનો પ્રભાવ અન્ય વસ્તીવિષયક તત્વો જેવા કે જનસંખ્યા વૃદ્ધિ, વિવાહદર, વ્યાવસાયિક સંરચના પર પણ પડે છે. જેથી લિંગાનુપાત અંગેનું જ્ઞાન રોજગાર તથા ઉપભોગની તરાહ તથા કોઈ સમુદાયની સામાજિક આવશ્યકતાઓને સમજવા માટે આવશ્યક છે.*

**ચાવીરૂપ શબ્દો** *લિંગાનુપાત, બાળ-લિંગાનુપાત, ક્ષેત્રીય બદલાવની તરાહ, સમયાનુસાર બદલાવની તરાહ*

## ૨. વિષય પરિચય

કોઈપણ વસ્તી ગણતરીમાં લિંગાનુપાત એ મહત્વનો સામાજિક સૂચકાંક છે. વિભિન્ન દેશોમાં તેની ગણતરીની પદ્ધતિમાં તફાવત જોવા મળે છે. ભારત દેશમાં લિંગાનુપાતની ગણતરી પ્રતિ હજાર પુરૂષોએ સ્ત્રીઓની સંખ્યાના રૂપમાં પરિભાષિત કરવામાં આવે છે.


**લિંગાનુપાત = સ્ત્રીઓની સંખ્યા÷પુરુષોની સંખ્યા X ૧૦૦૦**

કોઈપણ ક્ષેત્રના ભૌગોલિક વિશ્લેષણમાં બંને લિંગોનો અનુપાત આધારભૂત છે કારણકે આ ફક્ત સ્થળસ્વરૂપનું મહત્વપૂર્ણ લક્ષણ નથી પરંતુ તે અન્ય વસ્તી વિષયક તત્વોને પણ મહત્વપૂર્ણ રીતે પ્રભાવીત કરે છે જેથી ક્ષેત્રીય વિશ્લેષણનું એક એવું ભૌતિક લક્ષણ છે જે સ્પષ્ટ દેખી શકાય છે. તેમાં અસત્ય કહેવાની કોઈ સંભાવના રહેતી નથી. આ પ્રકારે લિંગ સંઘટન સંબંધિત આંકડા સૌથી વધુ વિશ્વસનીય સમજવામાં આવે છે.

### ૩. અભ્યાસના હેતુઓ

1. વર્ષ ૧૯૬૧થી ૨૦૧૧ના દશકોમાં સમયાનુસાર ગુજરાતમાં લિંગાનુપાતનું વિશ્લેષણ.
2. વર્ષ ૨૦૦૧-૨૦૧૧માં લિંગાનુપાતનો તુલનાત્મક અભ્યાસ.
3. વર્ષ ૨૦૦૧-૨૦૧૧માં ગુજરાતના જિલ્લાઓમાં લિંગાનુપાત બદલાવનું વિશ્લેષણ.
4. ગુજરાતમાં લિંગાનુપાતની ક્ષેત્રીય અને સમયાનુસાર બદલાવની તરાહ.
5. બદલાતી તરાહ અને ઘટતા લિંગાનુપાત અંગે આવશ્ય સૂચનો અને ટીકાઓ.

### ૪. અભ્યાસ વિસ્તાર




### ૫. આંકડાઓનો આધાર અને પદ્ધતિ

આ અભ્યાસ અર્થે આંકડા એકત્રીકરણનો મુખ્ય અને પ્રાથમિક સ્ત્રોત સેન્સસ ઓફ ઈન્ડિયા ૧૯૯૧ થી ૨૦૧૧નો ઉપયોગ કરેલ છે. એકત્રીકરણ કરેલ આંકડાને પ્રક્રિયા કરવા વિવિધ આંકડાકીય પદ્ધતિઓનો વિશ્લેષણ કરવા ઉપયોગ કરેલ છે.

## ૬. પરિણામો અને સમજૂતી


લિંગાનુપાતમાં તફાવતને જાણવા મુખ્યત્વે બે પદ્ધતિ છે (૧) સમયાનુસાર અને (૨) ક્ષેત્રીય

### (૧) સમયાનુસાર લિંગાનુપાત

ટેબલ નં.૧ : ગુજરાતમાં લિંગાનુપાતની સમયાનુસાર તરાહ (વર્ષ ૧૯૬૧-૨૦૧૧)

| વસ્તી ગણતરી વર્ષ | સામાન્ય-લિંગાનુપાત | દશકીય બદલાવ | બાળ લિંગાનુપાત | દશકીય બદલાવ બાળ લિંગાનુપાત |
|---|---|---|---|---|
| ૧૯૬૧ | ૯૪૦ | - | ૯૫૬ | - |
| ૧૯૭૧ | ૯૩૪ | -૬ | ૯૪૮ | -૮ |
| ૧૯૮૧ | ૯૪૨ | ૮ | ૯૪૭ | -૧ |
| ૧૯૯૧ | ૯૩૪ | -૮ | ૯૨૮ | -૧૯ |
| ૨૦૦૧ | ૯૨૦ | -૧૪ | ૮૮૩ | -૪૫ |
| ૨૦૧૧ | ૯૧૮ | -૨ | ૮૮૬ | ૩ |

સ્ત્રોત :- જિલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા, ૨૦૧૧, અભ્યાસ કર્તા દ્વારા માહિતીનું પુનઃ ગોઠવણ




*અભ્યાસ કર્તા દ્વારા માહિતીનું પુનઃ ગોઠવણ*

ગુજરાત રાજયમાં વર્ષ ૧૯૦૧ થી ૨૦૧૧ દરમ્યાન લિંગાનુપાતમાં થોડીક વધ-ઘટ જોવા મળે છે પરંતુ અહીં ગુજરાત ૧લી મે, ૧૯૬૦માં મહારાષ્ટ્રમાંથી છૂટુ પડેલ હોઈ આધારવર્ષ ૧૯૬૧થી ગણના લઈએતો વર્ષ ૧૯૮૧થી ૨૦૧૧ સુધીમાં લિંગાનુપાત સતત ઘટતો જોવા મળે છે. ઉપરોક્ત ટેબલ જોતાં કહી શકાય કે વર્ષ ૧૯૯૧થી ૨૦૧૧ સુધીનો સામાન્ય લિંગાનુપાતનો કુલ ઘટાડો -૨૪ અંકનો જોવા મળે છે.


આ સંદર્ભે બાળ લિંગાનુપાત ૧૯૬૧થી ૨૦૦૧ સુધીમાં સતત ઘટાડાની તરાહ જોવા મળે છે અને -૭૩ અંકનો ઘટાડો જોવા મળે છે જ્યારે વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૧ સુધી બાળ લિંગાનુપાતમાં નજીવો વધારો જોવા મળે છે જે +૩ અંકનો છે.

## (૨) ક્ષેત્રીય લિંગાનુપાત

### ટેબલ નં ૨ : ગુજરાતમાં જિલ્લાવાર વર્ષ ૨૦૦૧-૨૦૧૧ના લિંગાનુપાતની તુલના

| ક્રમ | રાજ્ય/ જિલ્લા | ૨૦૦૧ | ૨૦૧૧ | લિંગાનુપાતમાં દશકીય બદલાવ |
|---|---|---|---|---|
| 0 | ગુજરાત | ૯૨૦ | ૯૧૮ | -૨ |
| 1 | કચ્છ | ૯૪૨ | ૯૦૭ | -૩૫ |
| 2 | બનાસકાંઠા | ૯૩૦ | ૯૩૬ | ૬ |
| 3 | પાટણ | ૯૩૨ | ૯૩૫ | ૩ |
| 4 | મહેસાણા | ૯૨૭ | ૯૨૫ | -૨ |
| 5 | સાબરકાંઠા | ૯૪૭ | ૯૫૦ | ૩ |
| 6 | ગાંધીનગર | ૯૧૩ | ૯૨૦ | ૭ |
| 7 | અમદાવાદ | ૮૯૨ | ૯૦૩ | ૧૧ |
| 8 | સુરેન્દ્રનગર | ૯૨૪ | ૯૨૯ | ૫ |
| 9 | રાજકોટ | ૯૩૦ | ૯૨૪ | -૬ |
| 10 | જામનગર | ૯૪૧ | ૯૩૮ | -૩ |
| 11 | પોરબંદર | ૯૪૬ | ૯૪૭ | ૧ |
| 12 | જુનાગઢ | ૯૫૫ | ૯૫૨ | -૩ |
| 13 | અમરેલી | ૯૮૭ | ૯૬૪ | -૨૩ |
| 14 | ભાવનગર | ૯૩૭ | ૯૩૧ | -૬ |
| 15 | આણંદ | ૯૧૦ | ૯૨૧ | ૧૧ |
| 16 | ખેડા | ૯૨૩ | ૯૩૭ | ૧૪ |
| 17 | પંચમહાલ | ૯૩૮ | ૯૪૫ | ૭ |
| 18 | દાહોદ | ૯૮૫ | ૯૮૬ | ૧ |
| 19 | વડોદરા | ૯૧૯ | ૯૩૪ | ૧૫ |
| 20 | નર્મદા | ૯૪૯ | ૯૬૦ | ૧૧ |
| 21 | ભરૂચ | ૯૨૧ | ૯૨૪ | ૩ |
| 22 | ડાંગ | ૯૮૭ | ૧૦૦૭ | ૨૦ |
| 23 | નવસારી | ૯૫૫ | ૯૬૧ | ૬ |
| 24 | વલસાડ | ૯૨૦ | ૯૨૬ | ૬ |

| | | | | |
|---|---|---|---|---|
| 25 | સુરત | ૮૧૦ | ૭૮૮ | -૨૨ |
| 26 | તાપી | ૯૯૬ | ૧૦૦૪ | ૮ |




*અભ્યાસ કર્તા દ્વારા માહિતીનું પુનઃ ગોઠવણ*

સમગ્ર ગુજરાતમાં વર્ષ ૨૦૦૧ની તુલનાએ ૨૦૧૧માં લિંગાનુપાત બદલાવ -૨ અંક જોવા મળે છે જ્યારે ગુજરાતનાં વિભિન્ન જિલ્લાઓમાં આ લિંગાનુપાતનું વિશ્લેષણ કરીએ તો લિંગાનુપાત નો સૌથી વધુ ઘટાડો ક્રમશઃ કચ્છ, અમરેલી, અને સુરતમાં જોવા મળે છે જે અનુક્રમે -૩૫, -૨૩ અને -૨૨ જોવા મળે છે. જ્યારે રાજકોટ, ભાવનગર, જામનગર જુનાગઢ, મહેસાણા, ઘટાડો ઓછો જોવા મળે છે જે અનુક્રમે -૬, -૬, -૩, -૩, અને -૨ છે. લિંગાનુપાતમાં અંકોની સૌથી વધુ વૃદ્ધિ ક્રમશઃ ડાંગ (+૨૦), વડોદરા (+૧૫), ખેડા (+૧૪), તેમજ અમદાવાદ, આણંદ, અને નર્મદા એમ ત્રણેય જિલ્લામાં (+૧૧) અંકોની વૃદ્ધિ થયેલ જોવા મળે છે. બાકી બધા જિલ્લાઓમા નજીવો વધારો જોવા મળે છે.

**ટેબલ નં ૩: વસ્તી ગણતરી વર્ષ ૨૦૦૧ મુજબ ગુજરાતના જિલ્લાઓમાં લિંગાનુપાતનું ક્ષેત્રીય વિતરણ**

| **લિંગાનુપાત વર્ગ** | **ક્ષેત્રીય વિતરણ (વર્ષ ૨૦૦૧મુજબ)** |
|---|---|
| **૯૦૦ અને તેથી ઓછો** | સુરત, અમદાવાદ (૨ જિલ્લા) |
| **૯૦૧-૯૫૦** | કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, ભાવનગર, આણંદ, ખેડા, પંચમહાલ, વડોદરા, નર્મદા, ભરૂચ, વલસાડ (૧૮ જિલ્લા) |
| **૯૫૧ અને તેથી વધુ** | જુનાગઢ, અમરેલી, દાહોદ, ડાંગ, નવસારી, તાપી (૬ જિલ્લા) |

*અભ્યાસ કર્તા દ્વારા માહિતીનું પુનઃ ગોઠવણ*

**ટેબલ નં ૪: વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૧ મુજબ ગુજરાતના જિલ્લાઓમાં લિંગાનુપાતનું ક્ષેત્રીય વિતરણ**

| લિંગાનુપાત વર્ગ | ક્ષેત્રીય વિતરણ (વર્ષ ૨૦૧૧મુજબ) |
|---|---|
| **૯૦૦ અને તેથી ઓછો** | સુરત (૧ જિલ્લો) |
| **૯૦૧-૯૫૦** | કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, ભાવનગર, આણંદ, ખેડા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, વલસાડ (૧૮ જિલ્લા) |
| **૯૫૧ અને તેથી વધુ** | જુનાગઢ, અમરેલી, દાહોદ, નર્મદા, ડાંગ, નવસારી, તાપી (૭ જિલ્લા) |

*અભ્યાસ કર્તા દ્વારા માહિતીનું પુનઃ ગોઠવણ*

## ૭. ઉપસંહાર

ઉપરોક્ત અભ્યાસ પરથી ચોક્કસ પણે કહી શકાય કે ગુજરાતમાં બાળ લિંગાનુપાત ઘટી રહ્યો છે જો કે ૨૦૧૧માં +૩ અંકોનો વધારો થયો હતો પરંતુ તે ખૂબ જ ઓછો કહેવાય. સમગ્રપણે જોઈએ તો ખ્યાલ આવે છે કે બાળ લિંગાનુપાત વર્ષ ૧૯૬૧થી ૨૦૧૧ સુધી કુલ -૭૦ અંકોનો ઘટાડો જોવા મળે છે. આ અસંતુલન એક ચિંતા જનક બાબત છે આવું થવા પાછળ પુરુષ પ્રધાન સમાજ, સામાજિક રીત-રીવાજો, શિક્ષણનું ઓછું પ્રમાણ અને જાગૃતતાનો અભાવ, ગરીબી, પુરુષ બાળકના જન્મને વધુ પ્રોત્સાહન, સ્ત્રી બાળક પ્રત્યેની ઉપેક્ષા, ધાર્મિક માન્યાતાઓ, વગેરે બાળ લિંગાનુપાત અને તેના આધારિત સામાન્ય લિંગાનુપાત ઘટવાના મહત્વના પરિબળો છે. તે સિવાય વધતી જતી તબીબી સુવિધાઓ (ગર્ભસ્થ શિશુનું લિંગ પરીક્ષણ) પણ લિંગાનુપાત ઘટવા માટેનું મહત્વનુ પરિબળ છે. આથી આ અભ્યાસ અપૂરતો ગણાય લિંગાનુપાત ઘટાડાના કારણને સમજવા બધા પરિબળોને જાણવા, સમજવા તેમજ તપાસવા જ પડે.

- ગર્ભસ્થ શિશુ પરીક્ષણ નિયંત્રણ પરત્વે કડક અમલવારી કરાવવી જોઈએ હજુ પણ કેટલાક સમાજમાં દહેજ પ્રથા ચાલે છે તે સંપૂર્ણ પણે નાબૂદ થાય એ માટે કોઈ નક્કર પગલાં લેવાવા જોઈએ.
- સ્ત્રીબાળકના જન્મને પ્રોત્સાહન મળે તેવી યોજનાઓ અમલમાં લાવવી જોઈએ.
- કુપોષણને નાથવા ચોક્કસ દિશામાં પગલાં લેવાવા જોઈએ જેથી બાળ મૃત્યુદર ઘટાડી શકાય.
- મફત ઉચ્ચ શિક્ષણની જોગવાઈ થવી જોઈએ.
- શેરી નાટકો થકી લોકોમાં જાગૃતતા લાવવાના પ્રયાસો કરવા જોઈએ.
- જો ઘટતા જતાં બાળ લિંગાનુપાત પર હવે પુરતું ધ્યાન નહી અપાય તો આવનારી પેઢીએ ઘણું સહન કરવું પડશે. સામાજિક સંતુલન બનાવવા લિંગાનુપાત જળવાઈ રહે તે જરૂરી છે.

## સંદર્ભ ગ્રંથો


1. Census of India (2011). Directorate of Census Operation, Gujarat.
2. Chandana, R. C. (2010). A Geography of Population, Kalyani Publishers, New Delhi.
3. Chandramouli, C., & General, R. (2011). Child sex ratio in India. Census of India.
4. Clark, John I. (1972). Population Geography, pergamon press, Oxford, London.
5. Dave M. B. (2016). Vasti Vishayak Bhugol, University Granth Nirman Board, Gujarat Rajya,
6. District Census Handbook, Ahmedabad, Part XII-A & B, Directorate of Census Operation, Gujarat. Series 25 (2001, 2011).

7. Kumar, S. (2009). Sex Ratio in Punjab Alarming Ramifications of Population Trends. The Indian Journal of Political Science,
8. M. K. (2001). The missing girl child. Economic and Political Weekly, 1875-1880.
9. Ramaiah, G. J., Chandrasekarayya, T., & Murthy, P. V. (2011). Declining child sex ratio in India Trends, issues and concerns. Asia-Pacific Jour
10. Todkari, U. G. and Barakade A. J. (2012). A Geographical Study of Spatio-Temporal Variation in Sex Ration of Solapur District (MS) World Research journal of Geoinformatics, ISSN: 2278-7003 & E- ISSN: 2278-7011, Vol.1, Issue 1, pp. 08-10.
11. Trewartha G. T. (1953). A Geography of Population: World pattern, John Willey & Sons, New York.